કવિ શામળભટ્ટની રચેલી,

પદ્માવતીની વાર્તા.

(કાવ્ય.)

(પ્રથંમ ૩૦૦ લિટિ.)

કેઠણ શબ્દના અર્થ, ટીકા; શુદ્ધ શબ્દ, તથા કે-
ટલાક વ્યાકરણ સાથે.

અંગ્લો વર્નાક્યૂલર થર્ડ સ્ટાન્ડર્ડ નેમાટે.

પ્રસિદ્ધ કર્તા,
છગનલાલ નરોતમદાસ ઓરપાડી.
વ્યવસ્થાપક વિ૦ મંડલી.

Registered under the Act
XXV of 1867.

સુરત.
'ધી રાઇઝીંગ સ્ટાર' પ્રીન્ટીંગ પ્રેસમાં
ગંગારામ આત્મારામ પંડીતે છાપી.

સંવત ૧૯૪૬. શને ૧૮૯૦.
ભાદ્રપદ. સપ્ટેમ્બર.

કિંમત ત્રણ આના.—Price 3 Annas.

પદ્માવતીની વાર્તા.

દોહરા.

આખ્યાન કહું પદ્માવતી, સતી શિરોમણી જેહ;
પુષ્પસેન સાથે વરી, વર્ણન હું કહું તેહ.
નગર એક ચંપાવતી, ચંપકસેન રાજન;
પટરાણી પુષ્પાવતી, પુષ્પસેન એક તન.
બત્રિશ લક્ષણ આગળો, ચઉદ વિદ્યા ગુણ જાણ;
રાગ છત્રિશે આળપે, વદન શશી પરમાણ.
સોળ વરસનો સુત થયો, ધનુર્વિદ્યાનો ધીર;
હયે બેસીને સંચર્યો, જાણે બાવન વીર.
પ્રીત ઘણી પ્રધાનસુ, ક્ષણ અળગો નવ થાય;
બેજણ રમવા એકઠા, મૃગયા કારણ જાય.
વસંત રૂતુ ફુલી રહી, સુંદર સરોવર નીર;
મૃગ્યાથી પાછા વળ્યા, આવ્યા તેને તીર.
સુંદર તટ રળીઆમણું, ઉભા તેને છાંય;
માનની એક મદે ભરી, જળ ભરવાને જાય.
{ યુવતિ નામ સુલોચના, સખીઓ છે સંઘાથ;
{ વરવાની ઈચ્છા થઈ, રાજ કુંવરની સાથ. }
કુંભ ભરી શીરપર ધર્યો, કટાક્ષ કરતી જાય;
ચાતુરી ઘણી ચાળતી, તોય ન ચેત્યો રાય.
રીસ કરી રામા વદે, સાંભળ રાજકુમાર;
કોણ કારણ અહીં કામહું, શીદ વેંઢારે ભાર.

રાય સુણી અચરત થયો, સાથી સામું જોય;
શું કહેછે એ કામની, કહી નવ શકે કોય.
કહે રામા તું કોણછે, કોણ તમારી જાત;
શા કારણ પડયું પુછવું, તે કહો મુજને વાત.
નારી વેણજ ઓચરી, સાંભળ સાચું ધીર;
કશી ભરીને નાખ તું, મારા કુંભપર તીર.
કુંભે તીરજ વાગશે, ચાલશે જળની ધાર;
હોડ આપણે એટલી, આપું એકાવળ હાર.
{ પણ ઝાલીજો તીરને, ચુકવું પે'લી ફાળ; }
{ આવી લગ્ન કરો તમે, મુજ સાથે તત્કાળ.) }
મહિપતિ રીઝયો મનવિશે, એ તો રૂડી વાત;
હું નિશાન ભુલું નહિ, બેડું તે કોણ માત્ર.
તાણિ તીરજ નાંખિયો, રાજાએ દઇ દોટ;
આવતો ઝાલ્યો ઝડપસુ, ચુકવ્યો પેહેલી ચોટ.
સખીઓ સાથે હશી પડી, ચઢી રાયને રીસ;
કો કાળે ભુલું નહીં, જાણે છેદું શીશ.
પ્રધાને વારિ રાખિયો, રીસ ન કીજે રાઓ;
મુખથિ વેણજ જો ઓચર્યાં, એને મંદિર જાઓ.
પછિ રાય હશિ બોલિઓ, કહો આવ્યાની વાટ;
મંદિરનું દે પારખું, આવું પડતી રાત.
નિત્યે પાવક પરજળે, મૃત સજીવન થાય;
તેથિ મોહોલ ઉંઓરડો, એ એધાણી રાય.

અગ્નિથકી લોહું ગળે, જીવતી ધમણો સાર;
મંદિર કહ્યું તે માનની, લક્ષ વસા લોહાર.
જેને દિઠે જગ મોહે, તેનું છેદે શીશ;
તેને ઘેર થઇ આવજો, રવિ આથમતે દીશ.
નિર્મળ વાડી વનસ્પતિ, નિર્મળ નીરસુ નેહ;
પુષ્પો વિણે પ્રીત સુ, માળી મંદિર તેહ,
જેહ સમારે તુજને, તેને સમારે જેહ;
તેથી મેહેલ ઉંચેરડા, સહી એંધાણી એહ.
શોભા દે સઉ લોકને, તેને ઉજ્વળ કામ;
શામા સમજાવ્યુ તમે, ધોબી એનું નામ.
જેને ખાધે વિષ ચડે, તેને જે કોઇ ખાય;
તે મેલું મુજ બારણે, એ એંધાણી રાય. ઉ-મોર.
કુરંગ હેમ સરિખડો, પુછ પીવંતો નીર;
તે મેલું મુજ બારણે, આવજો આણી ધીર.
દિવસે મારે કામની, કુલમાં કરે ઉદ્યોત;
ઘેર ઘેર અજવાળું કરે, જુવતી દીપક જ્યોત.
મુખે મધુરૂં બોલતો, ચાતુર નર વસ હોય;
તેનો શબ્દ સુણી આવજો, જેમ ન જાણે કોય.
ભોગી માણે ભુપતિ, તેને વા'લો તંત્ર;
બોલે બેસી જોખથી, જુવતી તે તો જંત્ર.
રાંક અઢારે વર્ણમાં, જે વડે તારૂં રાજ;
ધીરજ રાખી આવજો, જાત અમારી આજ.

ડાહયો અકલે આગળો, સર્વ કળાનો સૂત્ર;
નારિ મેં તે ઓળખ્યો, વણીક કેરો પુત્ર.
અમુલખ બેજે તમકને, જળમાં નીપજે જેહ;
એ બે કીજે એકઠાં, તાત અમારો તેહ.
અમુલખ બે તે નેણ છે, જળમાં કમળ સુધામ;
નારિ તેં મુજને કહ્યું, નેનકમળશા નામ

ચોપાઇ.

એવું કહીને નારી જાય, મનમાં હરખ્યો પોતે રાય;
આપ આપણે મંદિર ગયાં; સાંજ સમે બે તત્પર થયાં.
કર્યાં એધાણુ ધરીને ગર્વ, રાજાને મન વશિયાં સર્વ;
પ્રીત થકી રાજા પરવર્યો શ્રીમહેલ સામો સંચર્યો. ૭૦
ઉઠિ અબળાએ કર્યો પ્રણામ, ભલે પધાર્યા રૂડે કામ;
પાંચ પદારથ પામ્યાં અમો, પ્રિતે કરી પધાર્યા તમો.
રાજા બેઠો પાસે જઇ, સ્ત્રી કર જોડી ઉભી રહી;
ભામનીયે નિરખ્યો તે ભુપ, રાજ બીજ રઢિયાળું રૂપ.
રાજાયે રાણી નિરખિયાં, બેઉ જણા હૈડે હરખિયા.

દોહરા.

સુલોચના એમ ઓચરે, સાંભળ રાય સુધીર;
જો વરૂ તો તુજને વરૂ, નહિતો પાડું શરીર.
{ છાના વી:વા આસમે, આપ કરો તત્કાળ; }
{ રાયે તેમાં ના કહી, બેસે એમાં આળ. }
વિનતા વળતી ઓચરી, એ શું બોલ્યા રાય;

ના કહેતાં મરશું અમો, તે તમને હત્યાય.
રાય કહે સુણ સુંદરી, એમાં અમને ખોડ;
કાલ સ'વારે પરણશું, આપણ જુવતી જોડ.
હૈડે ધીરજ રાખ તું, જઈ સંભળાવું તાત;
નગર લોક સહુ દેખતાં, ઝાલું જમણો હાથ.
મંડપ રચાવું મોકળો, પરણું રૂડી પેર;
પટરાણી કરૂં પ્રેમસુ, રાખું મારે ઘેર.
{વચન સુણીને રાયના, વાધી સ્ત્રી શુભ લેર;}
{રાજકુંવર રાતે અહી, રહ્યા શેઠને ઘેર.}

ચોપાઈ.

તેણે સમે વળતું શું થાય, સજી સભાને બેઠો રાય;
ચંપકસેન નામ જે તણું, ઢળે છત્રશિર શોભિત ઘણું.
નિશા અંધારિ દીપક બળે, રાજકુળ છત્રિશે મળે;
રાગ રાગણી છત્રિશ થાય, બહુ મળ્યા રાણા ને રાય.
વિવિધ પ્રકારે થાયે ગાન, એ રીતે બેઠા રાજાન;
પહોર રાત એમ કરતાં ગઈ, નગરમાંહી ત્યાં બુમજ થઈ.
ધસમસીને ત્યાં આવ્યા લોક, સહુકોને મન પ્રગટ્યો શોક;
રાય સભામાં આવી રડ્યા, કારણ રાજા આગળ કહ્યાં.
રાય બચ્યાનો નથીરે લાગ, નગર વિષે આવ્યા બે વાઘ;
રાજાજી સાંભળજો વાત, માણસ ત્રણની કીધી ઘાત.
સુણતાં રાય થયો અસ્વાર, સોંઢ્યા છે ત્યાં મહા ઝુઝાર;
નગરથકી બહાર નીસર્યા, ઘેરી વાઘ બે આગળ કર્યા.
રાજા સૌથી આગળ રહે, ક્રોધ કરીને વાણિ કહે,

દોહરા.

નગરપડો વજડાવિયો, વરતાવી છે આણ;
જે નહિ આવે રણવિષે, તેના લેઉં પ્રાણ. ૧૦૦
રહે રાયના દેશમાં, અન્ન રાયનું ખાય;
વહેલો આવી આથડી, રણમાં સાથે થાય.
પાંચથકી પચાસનો, પાળો કે અશ્વાર;
જે નહિ આવે રણ વિષે, તેને મારૂં ઠાર.
વૃદ્ધ પ્રધાન વાણિ વદે, એમ ન બોલો બોલ;
કોઇક એવો રહી જશે, ઉતરશે તુજ તોલ.
નહિ ગુદરૂ પરધાનને, નહિ બેટા કે બાપ;
પક્ષ કરૂં જો કોઇનો, બ્રહ્મહત્યાદિક પાપ.

ચોપાઇ.

ચંપકસેને કોલજ કર્યો, શિકાર કરવાને સંચર્યો;
આવ્યો અન્ય સેના સંચરે, ઘેરી વાઘને આગળ કરે. ૧૧૦
એમ કરતાં વીતી મધ્યરાત, વાઘ બેયની કીધી ઘાત;
રાજા મનમાં હરખ્યો બહુ, વજીર સાથે હરખ્યા સહુ.
રણમાં સભા કરીને રાય, સઉકોને ત્યાં કરે પસાય;
હું તેને આપુ શિરપાવ. જેણે વાઘ પર કીધા ઘાવ.

દોહોરા.

કર્યું નિરીક્ષણ નરપતિ, જોયાં સઘળાં રૂપ;
દ્રષ્ટે આવી નવ ચડયો, પુષ્પસેન સુત ભૂપ.
ક્રોધપૂર્ણ રાજા થયો, ભમર ચઢાવી શીશ;
જઇ સુતને હાથે હણું, રવિ ઉગંતે દીશ.

હત્યા ન ગણું બાળની; વચન અમારૂ જાય;
રાવત સઉ ઝાંખા થયા, કર્યો માહા અન્યાય. ૧૨૦

ચોપાઇ.

રાતે સર્વે રણમાં રહ્યું, ઉગ્યો સૂર્ય ને વહાણું થયું;
પ્રાતઃકાળ થયો જેટલે, પુષ્પસેન જાગ્યો તેટલે.
રવિ ઉગમતે તે ઉઠિયો, પાગ સમારિ બેઠો થયો;
પ્રમદા આવી પાલવ ગ્રહયા, રાજાને એમ વચનજ કહયાં.
તમો વિના મેં રહ્યું ન જાય, ઘડી એક વરસની થાય;
તમ દીઠે મુજ ભાગે ભુખ, અણ દીઠે ઉપજે મહાદુખ.
રાય કહે ધીર રાખો તમો, વચન માઠું જે વરશું અમો;
વચન દેઇને મહિપતિ ગયો, મહોલ પોતાને દાખલ થયો.
આવતો માયે નિરખ્યો તન, ઉલટ વધી માતાને મન;
કહો કુંવર કયાંથી આવિયા, સમાચાર શા શા લાવિઆ. ૧૩૦
કોણે વાઘ હણ્યા કઇ પેર, રાજકુંવર પધાર્યા ઘેર;
જીતી જશ તે કોણે લીધ, કેટલાને સરપાવજ દીધ.
મા શું વાઘ શું કહોછો તમો, વાત કશિ પ્રીછુ નહિ અમો;
રાતે તે શી થઇછે વાત, કયાંહાં ગયાછે મારા તાત.

દોહરા.

રાતે વાઘ બે આવિયા, સેન ગયું રણ માંય;
નગરપડો વજડાવિયો, તું કયમ ન ગયો ત્યાંય.
વચન શુણીને માતનું, ચાલ્યો રાજકુમાર;
અશ્વે બેશિ એકલો, ગયો નગરથી બાહાર.
કટક સર્વ પાછું વળ્યું, જાણે સાગર પૂર;

કુંવર મળિયો વાટમાં, ત્યાં ઉગમતે સૂર.
પિતા સમીપે આવિયો, પાળો થઇ તે વાર;
કર જોડીને કુંવરે, કિધો જઇ જુહાર.

ચોપાઇ.

રાયની કરડી દીઠી દ્રષ્ટ, કુંવર મનમાં પામ્યો કષ્ટ;
કુંવર મનમાં ઝાંખો થયો, સૌની પાછળ પાછળ રહયો.
રાજા આવ્યો રણમાં જઇ, સેના સૌ સૌને ઘેર ગઇ;
ચંપક બેઠો આસન ચડી, તેડયો કુંવરને તે ઘડી.
નાનું મોટું નગરનું સહુ, મળી ખલક જોવાને બહુ;
સાચું કહો રહયા કયાં રાત, વળતી આવ્યા કયમ પ્રભાત.
વળતી કુંવરે વચનજ કહ્યું, જેમ સરજ્યું હતું તેમજ થયું;
રાજાજી જે કહો તે કરૂં, દ્યો આજ્ઞા તે મસ્તક ધરૂં.
શાને પૂછો રાખણહાર, હું અન્યાઇ ઉભો આ ઠાર;
બોલ્યો રાય ચડાવી રીશ, જાઓ કુંવરનું છેદો શીશ.
એની જે કો કરશે વાર, મારૂં તેને સાથે ઠાર;
ચંપક વાણી એમ બોલિયો, હાહાકાર નગરમાં થયો.
એહ વચન કરી માનો સત્ય, વાર ન લાગે કહે ભૂપત્ય;
નગર લોક સૌ મનમાં લહે, કોણ એવો જઇ રાયને કહે.
બેઠી હતી રાણીજી જહાં, તે વાત વળતી ગઇ તહાં;
મારા સુતને મારે આજ, તેના ચક્ષુ કરાવું ત્યાજ.
જો કોઇ લહે કુંવરનું નામ, તેનો ફેડું નિશ્ચ ઠામ;
ચઢાવી દ્રષ્ટિ છુટે કેશ, ભર જોબનમાં બાળે વેશ.

રાણીએ મન આણી ગર્વ, સોંઢાડી સાહેલી સર્વ;
લાગી વારજ કરતાં વાત, સાહેલિયો મળી સેંસાત.
સઉકો ખડગ ઉઘાડાં કરી, રાજસભા માંહે સંચરી;
જઈ નરપતિને કર્યા પ્રણામ, માગું છું હું એક ઇનામ.
રાય કહે માગો છો તમો, તે હાથયિ નહિ આપું અમો;
તારા મનથી માગ્યો સુત, તું ઉગારવા આવી પુત.

દોહરા.

રાણી મન વિમાશિયું, જાતનુ કશું જતંન;
જીવ્યાથી મરવું ભલું, જો સુત જાય રતંન.
ક્રોધ કરીને કામની, ધરી રાયસુ રોશ;
શોક કરી બેઠી સભા, કોઇ ન દેશો દોશ. ૧૭૦
રાજાને કહ્યું રાણિએં, કોઠે ગળશે જાત;
હમણાં તુજને લાગશે, સ્ત્રી હત્યા સેં સાત.
બ્રહ્મહત્યા છુટયા તણો, કોઇક કાળે પાર;
સ્ત્રી હત્યા જેણે કરી, નહિ નરકમાં ઠાર.

ચોપાઈ.

વચન સુણી માતાજી તણું, કુંવર મન દુઃખ પામ્યો ઘણું;
સુત માને જઇ લાગ્યો પાય, ફોકટ બોલો કાં અન્યાય.
મારા તાતનું વચનજ જાય, શે કામે આવે આ કાય;
જાયું તે જાવાનું સર્વ, ગંદી દેહ તણો શો ગર્વ.
મુજ પીતાથી ઉગારશો, જમકિંકરને કયાં વારશો;
એક વચન માટે બળિ છળ્યો, પુરણવચન પોતાનો પળ્યો. ૧૮૦

હરિચંદ્ર અંત્યજ ઘેર રહયો, વિભીષણુ લંકાપતિ થયો;
વચને પાંડવ વનમાં ગયા, વચને કૌરવના ક્ષય થયા.
અહંકારી અભિમાની હોય, ચિરંજીવી જગમાં નહિ કોય;
જાઓ બેસો તમો રૂડી પેર, પ્રીછવી માને મોકલી ઘેર.
કહ્યું તાતને મૂકી મામ, તમે તમારૂં કરોને કામ.

દોહરા.

રાયે મન વિમાશિયું, મોટી હત્યા બાળ;
કુંવરને હાથે હણી, આણું મારો કાળ.
કોલ પળે સુત ઉગરે, બ્રીહત્યા નવ થાય;
કહયું પ્રધાનને તે કરો, પુછો પંડિત રાય.
તેડ્યા પંડિત પ્રીતસુ, પ્રધાન પુછે જોષ; ૧૯૦
કહો કેમ્ સો ઉગરે, દિસે ન કોઇને દોષ.
પ્રીત કરી પંડિત કહે, સુણો રાય એ સુત્ર;
બોલ તમારો પાળવા, વનમાં કહાડો પુત્ર.
અમ શિર દોષ ન દિજીયે, સુણો રાય સુજાણ;
જેવી શાસ્ત્રોમાં ઘટે, એવી બોલું વાણુ.

ચોપાઈ.

ક્રોધે બોલ્યો ચંપકરાય, કુંવરને કાઢો વનમાંય;
પછી પંડિતની ભાગી ભૂખ, ટાળ્યું જન્મ બધાનું દુખ.
પુષ્પસેને સજ્યો કેકાણુ, અંગે ધર્યાં ધનુષ ને બાણુ;
માગી શિખ ચાલ્યો જેટલે, પ્રધાનપુત્ર મળ્યો એટલે.
પરસ્પરે રોયા બેજણા, રોતાં કાંઇ ન રાખિ મણા;
પુછે વિચાર બ્રાહ્મણ જન, વળતી મુજને કાઢે વન. ૨૦૦

વળતી મિત્ર ગયો તે ત્યાંય, રાજસભા બેઠી છે જ્યાંય;
માન દઇ મહિપતિને મળ્યો, એક અરજ મારી સાંભળો.

દોહરા.

વજીરસુત વાણી વદે, સુણો રાયજી સૂત્ર;
એક વચનને કારણે, વનમાં કાઢો પુત્ર.
એણે વચન તમ પાળિયું, ઉત્તમ કીધો ન્યાય;
વચન જાય તમ પુત્રનું, એ મોટો અન્યાય.

ચોપાઇ.

સુતને તેડીને પુછિયું, સત્ય કહો કાલે કેમ થયું:
કયાંહાં રહયાતા કેને કાજ, સાચું બોલ તજીને લાજ
જે તારા મનમાંહિ હોય, મારિ આગળ ભાખો સોય.
સુત કહે સાંભળો માહારાજ, વનમાં જાતાં હરખ્યો આજ. ૨૧૦
મુજને વાહાલી નથી મુજ દેહ, સત્ય કરી માનોજી તેહ;
કાલે મુજને કૌતુક થયું, બીક થકી કોઇને નવ કહ્યું
આજ તમે તજીયોછે ક્રોધ, તો સાચો બોલું પ્રતિબોધ

દોહરા.

નેનકમળ વહેવારિયો, નગર તમારા માંય;
બત્રિશ લક્ષણ આગળી, તેને છે કન્યાય.
કરમ સંજોગે તે મળી, નાખ્યો તેણે પાશ;
વચન દિધું વરવાતણું, ભાગિ તેની આશ.
આશા ભંગી જે કરે, કોલ બેકોલી થાય;
મહા નરકમાં માનવી, જરૂર તે તો જાય.
ચંપક ચિતમાં ચિંતવે, સર્વ સુણી વૃત્તાંત; ૨૨૦

તરત શેઠ તેડાવિયો, અધિપતીએ એકાંત.
મહાજન આવ્યા મળપતા, જ્યાં બેઠા છે રાય;
ભૂપે માન દીધું ઘણું, આવિ નમિયા પાય.
રાય કહે સુણ શેઠજી, માગું છું હું માન્ય;
નેનકમળની દીકરી, આપો અમને દાન.
વળતા માઝન બોલિયા, સાંભળરે ભુપાળ;
કન્યા અમો ક્યમ દિજીયે, બેસે શિરપર ગાળ.
તમો ક્ષત્રિ અમો વાણિયા, તમો રાય અમો રાંક;
વરકન્યા પરણે નહિ, વૈશ્યો કાઢે વાંક.

ચોપાઇ.

નરપતિ કહે નહિ મારો વાંક, એ કન્યાયે વાળ્યો આંક; ૨૩૦
મુજ કુંવરને તેડી ગઇ, કિધો કોલ અમારી થઇ.
તેને જઇ પુછો નિરધાર, જેમ ઘટે તે કરો વિચાર;
શેઠ સુણિ આવ્યા ઘરમાંય, પુત્રીને જઇ પુછ્યું ત્યાંય.
સત્યવચન તું કહેજે આજ, જેમ કહે તે કરીયે કાજ;
પુત્રિ કહે વર એજ પ્રમાણ, નહિતો મારા છાંડું પ્રાણ.
શેઠે વાત ધારી તે ધ્યાન, દેઉં કુંવરને કન્યાદાન;
નવ આપું તો પુત્રિ મરે, વળી રાજા મન વેરજ ધરે.
કહોછો તો રાજા લિજીયે, કન્યાદાન અમો દીજીયે;

દોહરા.

મારી પુત્રી લાડકી, તમ સુત બાવન વીર;
જુગતું જોડું પરણશે, જમ સાકરને ખીર. ૨૪૦

ચોપાઈ.

રાજા કહે ન લગાડો વાર, સામગ્રી કરજો તૈયાર;
શાને વાર કરો એવડી, જાઓ પરણાવી ઘો આ ઘડી.
મંદિર આવ્યો વેવારિયો, સમાચાર જઇ સ્ત્રીને કહ્યો;
કુંવરિ તો ઇચ્છાવર વરે, ના કહિયે તો નિશ્ચે મરે.
શેઠાણિયે તે શુણિ લહયું, જઇ કુંવરિની આગળ કહયું

દોહરા.

રાજકુંવર તને પરણશે, હવણાં જાશે રાન;
લખ્યું હશે તો આવશે, તું શુણ તારે કાન.
કર્મે મારે જે લખ્યું, તે થાશે મુજ હાલ;
રૂડો ભુંડો મેં વર્યો, આ ઠેકાણે કાલ.
તું જાણે વર રાયને, બેહી ચાવુ પાન;
એતો રહેશે ઓરિયો, સમજે આણિ સાન.
કાલ સવારે કાઢશે, રઝળી ભરશે પેટ;
તાત કહે જે તાહરો, નહિ સુખ પામે નેટ.
કન્યા માતાને કહે, કર જોડીને વાત;
માનું નહિ હું માવડી, ઘેલો થયો મુજ તાત.
તાત શું બેઠો દીન થઇ, કરો ગણેશ આચાર;
લગન ચોઘડિયું જાયછે, હવે ન કરવી વાર.
આવ્યો રાજા પરણવા, વાગ્યાં વડાં નિશાન;
પાટ બેસારિ પદ્મની, જાણે ઉગ્યો ભાન.
હાથ મેળાવ્યો હાથસું, આરોપી વરમાળ;

મૂતં એકમાં ઉઠિયાં, પરણિ તે તત્કાળ.
આસિરવાદ વિપ્રો વદે, વેદ વદીને વાણ;
ચિરંજીવી રહે બેજણાં, બોલે લોક પ્રમાણ.
પરણી ઉઠયાં પાટથી, ઉતારી વરમાળ;
મીંઢળ છેડા છૂટશે, લખ્યું હશે તે કાળ.
શિખ માગી નારિ કને, હું પરદેશ પળીશ;
હુકમ લઇને હજુરનો, જાતાં તને મળીશ.

ચોપાઇ.

પુષ્પસેન પરણી પરવર્યો, નમસ્કાર જઇ માને કર્યો;
માતાજી અમો વન ચાલશું, લખ્યું હશે ત્યારે આવશું.
મારા સમજો દુઃખ દિલ ધરો, નયને આંસુ શાને ભરો;
જ્યાં જાઉં ત્યાં સુખજ હોય, મુજને ગાંજી શકે ન કોય.
પ્રસન થઇને શિખ દિજિયે, પ્રણામ લક્ષવરાં લીજીયે;
ચાલો કહેતાં જીવજ જાય, પણ શું કરિયે કોપ્યો રાય.

દોહરા.

વચન માતનું શિર ધર્યું, ત્યાંથી ચાલ્યો જાય;
સામો જઇ ઉભો રહયો, જ્યાંછે રાજ સભાય.
શિશ નમાગ્યું તાતને. સભાને કર્યો જુહાર;
રાજા બેઠો ત્યાં જઇ, ચરણે નમ્યો કુમાર.
રાજા મુખથી બોલિયો, જો સુત મારો હોય;
વનમાં જાજે એકલો, સાથે ન લઇશ કોય.
હું ને અશ્વ અમારડો, ન કરૂં કોઈની આશ;
જો કોઇ સાથે સંચરૂં, સુકૃત થાજો નાશ.

સેવક સાથે સંચરે, તે કાયરનું કામ;
જાઉં વનમાં એકલો, "પુષ્પસેન" મુજ નામ.
એમ કહી પાછો વળ્યો, ન હોય મન ઉચાટ;
પ્રધાન પુત્રે નિરખિયો, ઉપજ્યો મન ગેંઘાટ.
પ્રધાન સુત પાછો વળ્યો, હૈડું ફાટી જાય;
સાથે આવું કેમ કરિ, વારિ રાખે રાય.
વળતી નિજ નારિ કને, આવ્યો રાજકુમાર;
નારે નિરખ્યો કંથને, કીધું રૂદન અપાર.
નારિ પ્રત્યે નેહનાં, કહયાં વચન એ ચાર; ૨૯૦
જો જીવશું તો આવશું, નહિતો કોટી જુહાર.

ચોપાઇ.

સ્ત્રી કહે અશ્વ થકી ઉતર્યો, મારે હાથે ભોજન કરો.
મુજને સાથે તેડો આજ, સફળ થાય તો મારાં કાજ.
પ્રીતે પાનની બીડી કરૂં, મારે હાથે મુખમાં ધરૂં.

દોહરા.

ભોજનનું મને શું કહો, હું નવ પીઉં વાર;
વચન ન પાળું તાતનું, ધિક મારો અવતાર.
જો અશ્વથી ઊતરૂં, લાજે જનની આજ;
હાલ હાલ કરી શિખ દ્યો, કીજે રૂડાં કાજ.

ચોપાઇ.

માયા મોહ ને મમતા તજો, એક મને ઇશ્વરને ભજો;
બુદ્ધિસાગર છે મારો મિત્ર, ઘણો ચતુર ને ઘણો પવિત્ર. ૩૦૦
રહેશે ઘણું તમારી પાસ, એથી કયાં ન થાય વિનાશ. (અપૂર્ણ)

કવિ શામળભટ.

એ કવિનું ચરિત્ર બે ત્રણેક વિદ્વાનોનાં હાથથી લખાયલું છે, એટલે તે હું અત્રે લખી વધારે જગ્યા રોકવા માગતો નથી. ગુજરાતી કોઇપણ વિદ્વાનને ધનવાનો તરફથી શામળભટ શિવાય આશ્રય મળ્યો નથી. વેગણુપુરના રહીશ રખીયલદાસજી જેઓ જ્ઞાતે કણબી હતા તેમણે શામળભટની વિખ્યાતી સાંભળી આશ્રય આપી પોતાને ઘેર રાખ્યા હતા. તેના કેટલાક ઉછળતા સગાઓને રંજન કરવાને અર્થે શામળ ભટે 'બત્રીશ પુતળી' 'સુડાબોહોતેરી વિગેરે શૃંગારભરિત કથાઓ રચી હોય એમ જણાયછે. શામળ ભટની સઘળી કવિતામાં તેના છપ્પા સર્વોત્તમ છે, અને છપ્પાતો શામળભટનાજ એમ અદ્યાપી કહેવાય છે.

પદ્માવતીની વાર્તા શીરીતે રચાઈ તે યથાયોગ્ય જણાયું નથી તોપણ અનુમાન ઇત્યાદીકની શાહયતાથી નીચેની બીના દૃષ્ટિગોચર થાયછે.

કોઇક સમયે શામળભટ કાંઈક મુસાફરી ગયા હતા, અને ત્યાં એક જગ્યાએ અતિશય તૃષા અને ક્ષુધાથી પિડિત થયા. ત્યાં આસપાસ શિળાની શોધ કરી, પણ કેટલીક વખત સુધી તે અરણ્યમાં શિળો પણ મળ્યો નહીં; ત્યારે એક ચંપાના છાંયા નિચે તેમણે વિશ્રાંતી લીધી. પોતે આ જગ્યાએ ખુશ થયા, અને વૃક્ષને વરદાન આપ્યું કે તારૂં નામ હું અમર કરીશ. ત્યાર બાદ શામળભટે પદ્માવતીની વાર્તા રચી.

આ વારતામાં ચંપકસેન નામનો જે રાજા કલ્પવામાં આવ્યો છે તે ચંપાના ઝાડમાં ફરતો રસ છે. ચંપાવતી નગરી તે ચંપાનું ઝાડ છે. રાણી પુષ્પાવતી તે ફુલ જેમાંથી થાય છે, તે કળી છે. પુષ્પશેન રાજકુમાર તે ચંપાનું ફુલ છે. ત્યારબાદ પુષ્પસેન ઉપર સુલોચના લલચાયછે તે આંખ છે, તથા તેના બાપ નેનકમળશા તે આંખને રહેવાનું કલેવર છે. રાજા રાજકુમાર ઉપર ગુસ્સે થાય છે ત્યારે પોતાનું વચન પળે, અને છોકરાનો જીવ ઉગરે, એવો દેશવટો દેવામાં આવેછે, તે ચંપાના પુષ્પને ચોળી ન નાંખતાં ચુંટી લઈજિવામાં આવેછે, તે છે. અને આગળ જતાં પદ્માવતીની સાથે પ્રેમ થાય છે, તે કમળ અને ચંપાના ફુલને સાથે રાખેલા એમ સુચવે છે. એમાંનો કેટલોક સંબંધ રસમાં વૃદ્ધી કરનાર ચંપાના ઝાડથી વિરક્ત છે.

ચંપકસેન રાજાનો છોકરો, સુલોચના નામની એક કન્યાની સાથે સરતમાં હારી મોહમાં પડે છે. રાતને વખતે સુલોચનાને ઘેર જાયછે અને રાતે રાજકુમાર અહીંઆજ સુઇ રહેછે. હવે તે શેહેરમાં રાતે બે વાઘ આવેછે,તેને મારવાને રાજા અને સઘળું સૈન્ય જાયછે. રાજા એવું પણ કરેછે કે પાંચથી પચાસ વર્ષ સુધીનો જો કોઇપણ માણસ અત્યારે નહીં આવશે તેને સહવારગાં મારી નાંખવામાં આવશે. પ્રાતઃકાળ થતામાં વાઘને મારીને સઘળું સૈન્ય ઘર તરફ આવતું હતું, ત્યારે રાજકુમાર તેઓને સામો મળ્યો. છોકરાને જોતાં વારજ રાજા ઘણો ગુસ્સે થઇ ગયો અને બોલ્યો કે, એને એકદમ મારી નાંખો. પણ પ્રધ-

રાણી પુષ્પાવતીના પ્રબળથી આખરે તેને દેશવટો દેવામાં આ- વ્યો. રાજકુમાર પુષ્પસેનને તેનો મિત્ર મળ્યો, તે તેને પાછો તે- ડી લાવ્યો ને રાજાને સમજાવી સુલોચના સાથે લગ્ન કરાવી પછી દેશવટે મોકલ્યો, ચાલતાં ચાલતાં એક શેહેરમાં જઇ પહોંચેછે, અને ત્યાંના દરબારમાં નોકર રહેછે. રાજકુમારિકાનું મન તેની સાથે પરણવા લલચાયછે, અને પછી ગાંધર્વ વિહવા કરી ત્રણ વ- ર્ષ સુધી છુપુંજ રાખેછે. ત્યારબાદ રાજકુમારિના દ્વારપાળથી રા- જાને છાના લગ્નની ખબર પડેછે, રાજા ગુસ્સે થાયછે, અને મારા- ની સાથે પુષ્પસેનને મારી નાંખવા મોકલે છે. પણ પ્રધાનના મા- યાળુપણાથી તે બચી જાય છે, અને એક સદ્ગુણી ગુણકાને ત્યાં છાનો રહેછે.

એક ગુણીકાના વખાણથી રાજા, પુષ્પસેનને મારી નાંખવાને માટે પસ્તાય છે. અને પુષ્પસેન વિષે સઘળી હકીગત રાજાને જા- હેર થાયછે. ત્યારપછી ખુશી થઇ લગ્ન કરેછે, અને કેટલોક વ- ખત રહયા બાદ તે પોતાના દેશમાં જાયછે.

આ વારતામાં ઇચ્છાવરનો દાખલો બતાવ્યો છે. અને પ- છી કેવા પ્રકારના યત્નથી રાજાના કોપને આધિન થતા નથી તે બતાવ્યું છે.

તે વખતે ગુજરાતી ભાષામાં વારતાઓ સમુળગીજ રચાયલી નહોતી. તરેહવાર દંતકથાઓતો ત્યારે પણ ચાલુજ હતી. શા- મળભટે કેટલીક કલ્પિત કથાઓ રચી વારતાનો સમુદાય કર્યો છે. તેણે જેટલું લક્ષ વારતા તરફ આપેલું તેટલું લક્ષ બીજા કોઇ-

પણ તરફ આપેલું નથી. આ કવિ પણ ઉતમ કવિઓની પંક્તિમાં ગણાય છે. એની ભાષા સરલ ગુજરાતી અને સહજ સમજાય તેવી છે. એ કવિને કેટલાક વિદ્વાનો સ્રુંગારભરિત, કથાઓ રચવાને માટે દોષ મુકે છે.

એનું કાવ્ય દરેક શાંતબુધ્ધીના મનુષ્યને માટે ઉતમછે.

ટીકાકાર.

સુચના.

અંગ્રેજી ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓને ચાલતી પદ્માવતીની વાર્તા અર્થ, ટીકા, તથા વ્યુત્પતિ સહિત નહોવાથી વિદ્યાર્થીઓને અને શિક્ષકોને અતિશય અવઘડ પડતી હતી. છોકરાઓને લખી રોજ પાઠ કરવો પડતો હતો. તેઓ ઘણીકવાર અશુદ્ધ લખતા અને તેવોજ મુખપાઠ કરતા હતા, તથા તેઓના અભ્યાસ કરવાના વખતમાંથી આ બાબત કેટલોક વખત લખવામાં રોકવો પડતો હતો. જો તેનું અર્થ ટીકા વિગેરેનું પુસ્તક તૈયાર કર્યું હોય, તો આ અવઘડ દૂર થાય, એમ ધારી આ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે.

ટીકાકાર.

કઠણ શબ્દના અર્થ.

(ટીકા, શુદ્ધ શબ્દ, વ્યુત્પતિ તથા કેટલાક વ્યાકરણ સાથે.)

લિટિ ૧ થી ૧૦

આખ્યાન (સં) વૃતાંત, ખ્યાન.
સતી (સં) પ્રતિવૃત પાળનારીસ્ત્રી.
શિરોમણી (સં) શ્રેષ્ટ; ઉત્તમ; શીર+મણી. શીર=માથુ; માથાનુ મણી. સતી શીરોમણી=સતીમાં શ્રેષ્ટ.
વરી=પરણી.
વર્ણન (સં) વિસ્તાર. (૧લી કડી, પુનરૂક્તિ.)
નગર=શેહેર. (સં) (નગ્ર ઉપરથી.)
રાજન (સં) રાજા.
પટરાણી (સં) મુખ્ય રાણી.
તન=છોકરો (સં) તનુજ ઉપરથી.)
બત્રીશલક્ષણુ=સંપુર્ણ ગુણુવાળો (લક્ષણુ બત્રીસજછે.)
આગળો=આગળ પડતો; જાણુનારો.
ચૌદવિદ્યા=પુરીવિદ્યાવાળો. (વિદ્યા ચૌદજછે.)
જાણુ=જાણુનારો.
આળપે (સં) ગાઇ જાણે.
વદન (સં) મુખ; મોહોડું.
શશિ (સં) ચંદ્ર.
પરમાણુ=જેવું.
સુત (સં) છોકરો.
ધનુર્વિદ્યા (સં) તીર કામઠે લડવાની રીત. ધનુર્+વિદ્યા.
ધીર=ધીરજ વાળો.
હયે (સં) ઘોડા ઉપર.
સંચર્યો (સં) ગયો.
જાણે બાવન વીર=જાણે બાવન શૂરાના જેવો હોયની! અતીશે શૂરો.
પ્રીત (સં) મિત્રાચારી, હેત.
પરધાનસું=પરધાનની સાથે.
ક્ષણ (સં) જરાવાર.
અળગો=આઘો.
નવ=નહિ.
મૃગીઆ કારણ=શિકાર કરવા.

૧૧ થી ૨૦.

વસંતરૂતુ=૭ રૂતુમાંની એક. (મા-

ઠ અને ફાગણ મહિનામાં.)
સરોવર=મોટું તળાવ.
નીર=પાણી.
તીર } કાંઠો.
તટ }
રળીઆમણું=દેખાવડું.
છાંય=છાંયા. (તેનું કર્મ સરો-વર.)
માનની=સ્ત્રી (સં. માનુની ઉપર થી.)
મદ (સં) અહંકાર.
જળ (સં) પાણી.
કુંભ (સં) માટીનો ઘડો.
શિર (સં) માથું.
ધર્યો=મુકયો.
કટાક્ષ=વાંકી નજર; ચાળા (પ્રીતીની.)
ચાતુરી=ચતુરાઈ.
ચાળવી=કરી; દેખડાવી; ઉથલાવી.
ચેત્યો=સમજ્યો.
રાય=રાજા.
રામા=સ્ત્રી (સં. રમા ઉપરથી.)
વદે=બોલે.
રાજકુમાર=કુંવર; રાજાનો છોકરો.
કોણ કારણ=શા વાસ્તે?
ગ્રહ્યું (સં) પકડયું.
શીદ=કેમ.
વેંઢારે=સાથે રાખે (મરડાટમાં.)
શુણી=સાંભળી.
અચરત=આશ્ચર્ય.
સાથી=મિત્ર; સાથે રહેલો.
કામની=સ્ત્રી.
નવ=નહીં,

૨૧ થી ૩૦.

વેણ=વચન.
ઓચરી=બોલી.
ધીર=ધીરજ.
કશી ભરીને=ખેંચીને; રીશચઢાવીને.
ધાર=દદુડી.
હોડ=સરત.
એકાવળ=એક શેરનો હાર.
મહિપતિ=રાજા. મહિ+પતિ. મહિ=પૃથ્વિ; પતિ=ધણી.
રૂડી=સારી.
રીઝયો=ખુશી થયો.
નિશાન=ધારેલી જગ્યા.
કોણમાત્ર=શી ગણતીમાં.
તાણી=ખેંચી.
દોટ=ગબરડી.
દઈ દોટ=દોડીને.

ઝડપસુ=જલદીથી.
ચુકવ્યો=ભુલવ્યો. (એના કર્તા સ્ત્રી.)
ચોટ=તલપ.
૩૧ થી ૪૦.
સખી=બેનપણી.
કો કાળે=કદાપિ; કોઈ દહાડો.
વારી=રોકી;અટકાવી.
છેદું=કાપું.
કીજે=કરીએ.
રાઓ=રાજા. (અશુદ્ધ રૂપ.)
ઓચર્યાં=બોલ્યા.
મંદિર(સં) ઘર.
વાટ=રસ્તો.
પારખુ=એંધાણી,
પડતી રાત=રાત પડે ત્યારે.
નિત્યે=દરરોજ.
પાવક (સં)દેવતા; અગ્નિ.
પરજળે=બળ્યા કરે.
મૃત=મરેલું.
સજીવન=જીવતું.
ગહોલ=હવેલી.
ઉંચેરડો=ઊંચો. (લેહેકાટનો.)
એંધાણી=નિશાની.
ગળે=ઓગળે.
જીવતા=બળતી. (ધમણોની જગ્યાએ ભઠ્ઠી વધારે ઠીક છે.)

લક્ષવસા=વર્ણન કરીને; લાખવસા. (ગુજરાતીમાં બોલવાની રૂઢીછે.)
લોહાર=લુવાર.(સં લોહ+કાર.)
૪૧ થી ૫૦.
જગ=જગત.
મોહે=મોહ પામે.
રવિ (સં) સુર્ય.
આથમતે=અસ્તથતી વખતે.
દીશ=દીશા.(દીશા એ અર્થ દિવસ કરતાં બંધ બેસતોછે)
વનસ્પતિ=ભાજી પાલો; છોડવા વેલા;
નિર્મળ=ચોખ્ખી.(સં નિ+મળ.)
નેહ=પ્રીતી.
પુષ્પો=ફુલો.
સમારે=સુધારે.
સહિ=સાચી, નક્કી.
ઉજ્વળ (સં) ઊજળું.
શામા=સ્ત્રી.
વિષ(સં) જેર.
મેલું=મુકું.
૫૧ થી ૬૦.
કુરંગ=હરણ.
હેમ=સોનું.
સરિખડો=સરખો. (લેહેકાટનો શબ્દ.)

પુંછ=પુંછડે.
પિવતો=પીતો.
મારે=મારી નાખે, ઓલવે,
ઉદ્યોત=પ્રકાશ.
જુવતી (સં) સ્ત્રી. (જુવતી સંબોધનાર્થે.)
જ્યોત=પ્રકાશ, જોત.
જેને દિવસે સ્ત્રીઓ ઓલવી નાંખેછે,જે કુંટુબમાંપ્રકાશ આપેછે અને જે ઘેર ઘેર અજવાળુ કરેછે, તેતો હે સ્ત્રી! દીવાની જોતછે,
મધુર=સારૂ, પ્રિય લાગે એવું.
ચાતુર=ચતુર.
વશ=તાબે.
ભોગી=ગૃહસ્થ. સંસારી.
ભુપતિ=રાજા ભુ+પતિ ભુ=પૃથ્વી; પતી=ધણી.
તંત્ર=લત.
જોખથી=શોખથી.
ગૃહસ્થો અને રાજાઓ તેનેચાહાયછે તેઓને તે વાહાલુછે, અને તેની સાથે શોખથી ગાય પણછે, તેવું હે સ્ત્રી! વાજીંત્ર છે.
વર્ણ=જાત.
આજ=આ. (જ નિશ્ચયાર્થ)
૬૧ થી ૭૦.

અકલે=અકલમાં.
સર્વ કળાનો સુત=સઘળી કળા જાણનાર.
વણિક=વાણીઓ. (સં વૈષ્ય.)
અમુલક=મુલ્ય ન થઈ શકે એવી. (અમુલ્ય ઉપરથી).
નીપજે=પેદા થાય.
કીજે=કરીએ.
તાત=પિતા; બાપ.
નેણ=આંખ; ચક્ષુ.
સુધામ=સારૂ ધામ.(સુ+ધામ.)
આપ આપને=પોત પાતાને.
તત્પર=તૈયાર.
એંધાણ=નિશાની.
ગર્વ=અહંકાર.
વસિયા=ઠર્યા; વરયા.
પરવર્યો=ગયો.
સંચર્યો=ચાલ્યો ; ગયો.
૭૧ થી ૮૦.
અબળા=સ્ત્રી. (અ+બળ+આ.)
અ=નહીં, બળ=જોર. જોર નહીં તેવી; સ્ત્રી.
પ્રણામ=નમસ્કાર.
કર (સં) હાથ.
ભામની=સ્ત્રી (સં. ભામિની.)
ભૂપ=રાજા (ભૂપતિનું અપભ્રંશ)
રાજબીજ=રાજકુંવર,રાજાનું બી

રઢિઆળું=સુંદર, રઢ લાગેએવું.
હૈડે=મનમાં; હૃદયમાં.
ઓચરે=બોલે.
વરૂ=પણું.
પાડું શરીર=મરીજાઉં; આપઘાત કરૂ.
વનિતા(સં) સ્ત્રી.
વળતી=પછી.
હત્યાય=પાપ, હત્યા.
સુંદરી=સુંદરઅંગની સ્ત્રી.
ખોડ=કલંક; ખોટ.

૮૧ થી ૯૦

જુવતી=(સં) સ્ત્રી.
નગર=શેહેર (સં. નગ્ર.)
ઝાલુ જમણો હાથ=પરણતીવખતે સ્ત્રીનો જમણોહાથ ઝાલવામાં આવેછે તે.
મંડપ=માંડવો.
મોકળો=પોહોળો; વિસ્તાર વાળો.
રૂડીપેર=સારીરીતે.
પ્રેમસુ=પ્રેમથી.
સમે=વખતે.
વળતું=પછી.
સજી=ભરી.
ઢળેછત્રશિર=માથે છત્ર ધરેલું. (હાલ જેમ હરકોઇ માણસ છત્રી ઓઢી શકેછે તેમ તે વખત બધા ઓઢી શકતાનહીં જેને સરકાર તરફથી છત્ર ચમરનો ઇલકાબ હોય તેજ તે વાપરી શકે.)
નિશા=રાત.
દિપક=દીવો.
રાજકુળ છત્રીશેમળે=છત્રીશે કુળના રાજાઓ ભેગા થાયછે.
રાણા=માંડળિક રાજાઓ.
વિવિધપ્રકારે=તરેહ તરેહ વાર રીતે.
રાજાન=રાજા.

૯૧ થી૧૦૦.

પહોર=અઢી કલાક.
ધસમસીને=ધસારો કરીને; જુસ્સા બંધ.
સઉકોને=સૌને.
પ્રગટયો=થયો.
શોક=દિલગિરી.
રાયસભામાં=રાજસભામાં.
લાગ=દાવ.
નગરવિષે=નગરમાં.
ઘાત=મણું.
સુણતા=સાંભળતાં.
અસ્વાર=સ્વાર; ઘોડાઉપર બેઠેલો.
સોઢયાંછે=તૈયારથયાછે.
માહા=મોટા.

ઝુઝાય=લટરીયા.
નીસર્યા=નીકળ્યા.
નગર પડો=ડોંડી; ઢંઢેરો.
વરતાવી=ફેરવી.
આણુ=દુવાઇ.
રણ=જંગલ.

૧૦૧થી ૧૧૦

પાંચ થકી પચાશનો=પાંચથી પચાશ વર્ષ સુધીનો.
પાળો=પગે ચાલનારો.
ઠાર=ઠોર: એકદમ.
ઝુદ્ધ=ધરડો; બુદ્ધો.
પ્રધાન=વજીર: સચીવ.
વાણીવદે=બોલે.
બોલ=વચન.
તોલ=બરોબર.
ગુદરૂ=ગાંડું.
બેટા=છોકરો.
પક્ષ=તરફેણ.
બ્રહ્મ હત્યાદિક=બ્રહ્મહત્યા વિગેરે. (બ્રહ્મ+હત્યા+આદિ+ક.)
કોલ=વચન.
શિકાર=વાઘ મારવો.
અન્યોઅન્ય=એક પછી એક.
સેના=લશ્કર.
ઘેરી=આંતરી.

૧૧૧થી૧૨૦

વીતી=ગઈ.
મધ્યરાત=અડધીરાત.
હરખ્યો=ખુશી થયો.
પસાય=બક્ષિશ. પ્રસાદ.
શિરપાવ=ઈનામ.
ઘાવ=ઘા.
નિરીક્ષણ=(સં) તપાસીને જોવું.
નરપતિ=રાજા. (નર+પતિ.)
દૃષ્ટ=નજર.
ક્રોધપૂર્ણ=ભ્રગુટી ઊંચી ચડાવી. (જ્યારે કોઇ માણસ ઘણો ક્રોધાયમાન થાયછે ત્યારે તેની ભમ્મરઊંચી ચડેછે.)
હણું=મારૂં.
રવિ=(સં)સૂર્ય.
દીશ=(સં)દિવસ.
હત્યા=પાપ.
વચન=પણ.
રાવત=ઉમરાવ.
અન્યાય=અધર્મ.

૧૨૧ થી ૧૩૦

પ્રાતઃકાળ=સહવાર.
પાગ=પાઘડી.
સમારિ=સુધારી.
પ્રમદા=સ્ત્રી.
પાલવ=છેડો.
ગૃહ્યો=પકડયો.

તમો વિના=તમારા વિના.
ભાગે ભૂખ=ભૂખ મરે.
અણ દીઠે=ન જોતાં.
ઉલટ=હોંશ.

૧૩૧ થી ૧૪૦

હણ્યા=માર્યા.
શરપાવ=ઇનામ.
કશિ=કંઇ.
પ્રીછુ=જાણું.
અમો=હું (બહુ વચનમાં બોલેછે.)
સેન=લશ્કર.
નગર પડો વજડાવિયો=ડોંડી પીટાવી.
અશ્વ=ઘોડો.
કટક=લશ્કર.
જાણે સાગરપુર=જાણે દરીયાના પાણી જેવા જોરમાં.
વાટ=રસ્તો.
ઉગમતે સુર=સુર્ય ઉગતા.

૧૪૧ થી ૧૫૦.

સમીપે=સામે.
પાળો=પગે ચાલતો.
કરડી=આકરી.
દ્રષ્ટ=નજર (સં દ્રષ્ટિ.)
કષ્ટ=દુઃખ.
આસન=તખ્ત. રાજ્યતખ્ત.
ખલક=દુનિયા.
ક્યમ=કેમ.
પ્રભાત=સહવાર.
સરજ્યું=થવાનું હતું તેમાં; કર્મમાં લખેલું.
ચો=આપો.
આજ્ઞા=પરવાનગી.
મસ્તક=માથું.

૧૫૧ થી ૧૬૦.

રાખણ હાર=રાખનાર.
અન્યાઇ=ગુન્હેગાર.
ચડાવી રીશ=ક્રોધકરી.
છેદો=કાપો.
વાર=હિમાયત.
હાહાકાર=હોકાર.
ભૂપત્ય=રાજા.
લહે=જાણે.
ચક્ષુ=આંખ
ત્યાજ=ત્યાગ.
ફેડું=ફોડી નાખું.
કેશ=વાળ.
ભર જોબન=જુવાનીમાં.
બાળેવેશ=બાળકના વેશમાં. (આ જગ્યાએ બાળેવેશ મુકેલું હોવાથી અર્થ લુપ્ત. કારણ કે જેને સોળ વર્ષનો છોકરોછે તે સ્ત્રી બાળેવેશમાં કહેવાય નહીં.)

૧૬૧ થી ૧૭૦.

સાહેલીઓ=સખીઓ.

સેંસાત=સાતસો.

ખડગ=લડવાનુ એક જાતનું હથીઆર.

સંચરી=ગઇ.

ઉગારવા=બચાવવા.

પુત=છોકરો. (સં પુત્ર. અપભ્રંશ.)

વિમાન શેયું=પસ્તાઇ.

જાતનું=શરીરનું

કશું=શું.

જતંન=સંભાળ.

સુત જાય રતંન=રતન જેવો છોકરો જાય.

રોશ=રીશ.

દોષ=ડપકો.

૧૭૧થી૧૮૦.

કોઢેગળશે જાત=કોઢ નીકળતાં જાત ગળતી જશે

કોઢ એક જાતનો રોગ. (કેટલાક માણસોને ધોળા દૂધ જેવા ચાઠાં જોઇએ છીએ તે.)

ટાળે=મરે.

નહિ નર્કમાં ઠાર=નર્કમાં પણ ઠેકાણું નહીં

ફોગટ=વૃથા.

અન્યાય=અધર્મ.

વચન=પણ.

કાય=શરિર.

જાયું=જન્મ્યું.

ગંદીદેહ=ગોબ્જુ શરિર.(આપણુ શરિર ઉપરથી ટાપટીપ વાળુંછે અને અંદરથી ગંદુ લોહી પાણી અને માંશનુ મીશ્રણછે. (સાધુવાકય.)

જમકિંકર=જમના દૂત.

કિંકર= (સં) ચાકર.

વારશો=રોકશો.

બળિછળ્યો=બળિરાજાને છેતર્યો.

બળિ=એક દાનેશ્રી રાજા.

૧૮૧થી૧૯૦

હરિશ્ચંદ્ર=એક સત્યવાદી રાજા.

અંત્ય=(સં) ઢેડ.

વિભીષણ=રાવણનો ભાઈ.

લંકાપતિ=લંકાનો રાજા.

પાંડવ=પાંડુના પાંચ છોકરાં. ૧.યુધિષ્ટ્રર ૨. અર્જૂન. ૩.ભીમ. ૪. નીકુલ. ૫. સહદેવ.

વનમાં=રાનમાં; જંગલમાં.

કૌરવ=કુરૂવંશના રાજા દુર્યોધન વિગેરે સો ભાઇઓ.

ક્ષય=નાશ.

ચિરણજીવી=મરેનહીં તેવો.

પ્રીછવી=સમજાવી.
મામ=મમત.
તાત=પિતા.
હત્યા=પાપ.
બાળ=બાળકની.
કાળઆણું=મરીજાઉં.
કોલ=વચન.
પળે=સચવાય.
ઉગરે=બચે.
સ્ત્રીહત્યા=સ્ત્રી માર્યાનું પાપ. ત્રણ મુખ્ય હત્યામાંની એક.
પંડિતરાય=માહાન પંડિતને.

૧૯૧થી૨૦૦

સૂત્ર=સેહેલું.
અમશિર=અમને; અમારે માથે.
દીજીએ=દો.
શાસ્ત્રો=નીતિના ગ્રંથો.
ભૂખ ભાગી=સંતોષ્યો. (રાજાએ પંડિતને પૈસા આપ્યા તે અધ્યહાર.)
સજ્યો=તૈયાર કર્યો.
કેકાણુ=ઘોડો.
શિખ=આજ્ઞા.
રોયા=રડયા.
મણા=કસર.
પૂછે વિચાર બ્રાહ્મણ જન=બ્રાહ્મણોને વિચાર પૂછે.

૨૦૧ થી ૨૧૦

અરજ=વિનંતિ.
વજીર સુત=વજીરનો છોકરો.
સૂત્ર વચન=સૂત્રના તાંતણા જેવા વચનો સાભળો.
કેને=કોને.
લાજ=મર્યાદ.
ભાખો=કહો; બોલો.
સોય=સહી,

૨૧૧ થી ૨૨૦

વાહાલી=પ્રીય.
દેહ=શરીર.
કૌતુક=નવાઇ જેવું.
પ્રતિબોધ=સામા માણસને સમજાવવું.
વેહેવારિયો=વેહેવાર વાળો; વાણીઓ.
કન્યા=કુવારી છોકરી.
કરમ સંજોગ=કર્મને લીધે.
પાસ=વચન.
વરવા=પર્ણવા.
આશ=આશા.
આશાભંગી=આશા ભાંગનાર.
બેકોલી=બેવચની.
માનવી=મનુષ્ય.
ચિંતવે=ચિંતન કરે.
વૃત્તાંત=બિના.

૨૨૧ થી ૨૩૦

એકાંત=ગુપ્ત સ્થળે.
માહાજન=વાણીઓ (માહા+જન.)
મલપતા=માહાલતા (આગળના વાણીઆ હાથીની માફક માહાલતા ચાલતા હતા તે બતાવેછે.)
માન=આવકાર.
નમિયા=નમ્યા.
માન્ય=માન.
દાન=કન્યાદાન આપો.
ભૂપાળ=રાજા. (ભૂ+પાળ; ભૂ=પૃથ્વિ; પાળ=પાળનાર.)
શિરપર ગાળ બેશે=કલંક લાગે.
રાંક=ગરીબ.
વૈશ્યો=વાણીઆઓ.
વાંક=ગુન્હો.
આંક=હદ.
વાળ્યો આંક=હદ કરી.

૨૩૧ થી ૨૪૦

કોલ=પણ.
નિરધાર=નક્કી.
ઘટે=યોગ્ય લાગે.
વર=ભરથાર. ધણી.
છાંડુ=કાઢીનાખું.
પ્રાણ=જીવ.
કન્યાદાન દેઉ=પરણાવું. (જ્યારે છોકરીને પરણાવેછે ત્યારે કન્યાનું દાન કરેછે હિંદુલોકોમાં તે દાન કર્યાનું ઘણું પુન્ય કહેવાયછે.)
મરે=મરીજાય.
વેર=અદાવત.
લાડકી=લાડકવાઇ.
જુગતુ=બંધબેસતું.
ખીર=થોડાદુધનો દુધપાક. (ઉપમાં.)

૨૪૧થી૨૫૦

સામગ્રી=સાહિત્ય.
એવડી=એટલી.
આઘડી=આ વખતેજ.
ઇચ્છાવર=પસંદ પડતો ધણી.
કર્મે મારે જેલખ્યું=મારાનસીબમાં જે થવાનું હશે તે થશે. (બાલક જનમ્યા પછી છઠે દિવશે વિધાત્રી આવીને આખા જન્મારાના લેખ લખી જાયછે તે પ્રમાણે થતું.)
હાલ=સ્થિતિ.

૨૫૧થી૨૬૦

ઓરિયો=ઓરતો; લાવો.
સાન=અક્કલ.
આણિ શાન=દડાપણથી.

રઝળી ભરશે પેટ=ગમે ત્યાં રખ-
ડીને પોતાનું પેટ ભરશે.
(ભીખારીની માફક.)
તાત=બાપ.
નેટ=નક્કી.
માનુ=સમજુ.
માવડી=માતા.
ઘેલો=ગાંડો.
દીન=ગરીબ.
લગન ચોઘડિયું=વિવાહનું મુહુર્ત
ન કરવી વાર=વાર લગાડો નહીં.
વડા=મોટા.
વાગ્યા વડા નિશાન=વાજતે ગા
જતે પરણવા આવ્યો.
પાટ=પરણવાની માચી ઉપર.
પદ્મણી=સુંદર સ્ત્રી.(સેલોચના)
ભાણ (સં) સૂર્ય.
હાથ મેળવ્યો હાથસુ=હાથેવાળો
મેળવ્યો (લગ્ન વખતે વર
કન્યાના હસ્ત મેળાપ કરવામાં
આવેછે તે ક્રિયા)
આરોપી=પેહેરાવી.
વરમાળ=પરણતી વખતે વર અ-
ને કન્યાના ગળામાં જે એ
ક સુતરની માળા પેહેરાવ-
વામાં આવેછે તે.

૨૬૧થી૨૭૦

મૂર્ત=સારો વખત.
આસિરવાદ-સુભ વચન.
વિપ્ર (સં) બ્રાહ્મણ.
વદે-બોલે.
વેદ વદીને વાણ=વેદના વચન
પ્રમાણે.
વેદ=હિંદુઓનું મુખ્ય ધર્મ શાસ્ત્ર
ચિરંજીવી=ઘણાવર્ષ જીવવું તે.
મીંઢળ=પરણતી વખતે વર અને
કન્યાને હાથે મીંઢળને દોરો
બાંધીને બાંધવામાં આવેછે
તે. (એ મીંઢળને પર
ણ્યા પછી આઠે દીવસે વર
કન્યા છોડે છે)
શિખ માગી=આજ્ઞા લીધી.
પળીશ=જઇશ.
નયન (સં) આંખ.
નયને આંસુ શાને ભરો=રડો-
છો કેમ?

૨૭૧ થી ૨૮૦

ગાંજી=છેતરી.
લક્ષવસા=લાખોઘણા.
શિરધર્યું=માથે ચડાવ્યું; અંગી
કાર કર્યું.
જુહાર=નમસ્કાર.
ચરણે નમ્યો=પગે પડયો.
સુત (સં)છોકરો.

અશ્વ (સં) ઘોડો.
અમરડો=મારો.
સંચરૂં=જાઉં.

૨૮૧ થી ૨૯૦

કાયર=બીકણ.
ઉચાટ=ચિંતા.
નિરખિયો=નિહાળ્યો.
ગેંઘાટ=મળ્યાથી થયલા હર્ષનો આવેશ.
કંથ=પતિ; ધણી.
રૂદન=રડવું તે.
નેહના=પ્રેમના.

૨૯૧ થી ૩૦૦.

કોટી=કરોડ.
મારેહાથે ભોજન કરો=હું ખવાડું તે જમો.
વાર=પાણી (સં. વારિ.)
જનની=માતા (સં. જનુની.)
હાલહાલ કરી શિખ દ્યો=તરતને તરત રજા આપો.



'ધી રાઇઝીંગ સ્ટાર' પ્રીંટીંગ પ્રેસ, સુરત.

સુચના.

આ ચોપડી પ્રસિદ્ધ બુકસેલરોને ત્યાંથી મળી શકશે. દેશાવર વાળાઓએ અથવા સામટી ખરીદનારે છગનલાલ નરોતમદાસ ઓરપાડીને સુરત મોટા મંદીર પાસે લખવું.